# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૩ :-suratdeo@gmail.com

Fax no:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨web :-www.suratdeo.org


જા.નં:-મા-૫/ઉ.પ.ધો/કેમ્પ/૨૦૨૩-૨૪/ 12573 તા.૧૯/૦૮/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ (જિ- સુરત),

બિનસરકારી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ (જિ-સુરત).

**વિષય:-** અત્રેના જિલ્લાની બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ ની ઉ.પ.ધો.ની દરખાસ્તરજૂ કરાવા બાબત

જિલ્લાની બિનસરકારી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ ,બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા જે કર્મચારીઓને ઉચ્ચત્તર પગારધોરણ મળવાપાત્ર થાય છે તેવા તમામ કર્મચારીઓની ઉ.પ.ધો.ની મંજૂરી દરખાસ્તોશાળાઓએ નીચે દર્શાવેલ તારીખ અને સમયે કેમ્પમાં રજૂ કરવા માટે જણાવવામાં આવે છે.

| ક્રમ | સ્થળ | તારીખ અને વાર | સમય | એસ.વી.એસ નંબર |
|---|---|---|---|---|
| ૧ | લુર્ડ્ઝ કોન્વેન્ટ હાઈસ્કુલ અઠવાલાઈન્સ, સુરત | ૨૪/૦૮/૨૦૨૩- ગુરૂવાર | સવારે ૧૦:૦૦ કલાકથી | ૩ |

કેમ્પના દિવસે બઢતી સમિતિના ઠરાવમાં સહી માટે અત્રેની કચેરીના એસ.વી.એસ.ને લગત શિક્ષણ નિરીક્ષકશ્રી કેમ્પના સ્થળે હાજર રહેશે.જેથી આપના એસ.વી.એસ.નાં જે તે શિક્ષણ નિરીક્ષકશ્રીની ઉ.પ.ધો.દરખાસ્તમાં બઢતી સમિતિના ઠરાવમાં સહી થયા બાદ દરખાસ્ત કેમ્પમાં સ્વીકારવામાં આવશે જેનીનોંધ લેવી.દરખાસ્ત આ સાથે સામેલ લીસ્ટ મુજબ તૈયાર કરી રજુ કરવાની રહેશે.અવ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવેલ દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહી.

દરખાસ્ત ફાઈલમાં રજુ કરવામાં આવતા ઉ.પ.ધો.નાં બંને સેટમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી થશે.તે પેજ ઉપર ફ્લેગ અચૂક લગાડવાની રહેશે.તેમજ દરખાસ્ત સાથે રજુ કરવામાં આવતી અસલ સેવાપોથી કાળજી પૂર્વક ફાઈલમાં બાંધી રજુ કરવાની રહેશે.

આ કેમ્પમાં શાળાઓના આચાર્યશ્રીઓને તેમની શાળાઓના કર્મચારીઓની દરખાસ્ત ફાઈલ નિયત નમુનાના પત્રકો સાથે ૨-નકલમાં સામેલ રાખી તેમજ કર્મચારીઓએ પાસ કરેલ હિન્દી અને CCC ની પરીક્ષાના પ્રમાણપત્રોની ફરજીયાત ચકાસણી કરાવી કેમ્પમાં લઈને આવવા માટે જણાવવામાં આવે છે. તેમજ તમામ કર્મચારીઓની સેવાપોથીમાં તમામ પ્રકારની સેવાકીય લાભો, શૈક્ષણિક લાયકાત, પરીક્ષાઓ , રજાઓ વગેરે જેવી તમામ નોંધ કરીને કર્મચારીઓની દરખાસ્ત ફાઈલ રજુ કરવા માટે જણાવવામાં આવે છે. **આ કેમ્પમાં શાળાનાં ઉ.પ.ધો.ના જાણકાર કર્મચારી સાથે ફરજીયાતપણે આચાર્યશ્રીને હાજર રહેવા માટે જણાવવામાં આવે છે. જે શાળાઓના આચાર્યશ્રી કેમ્પમાં હાજર રહેશેનહિ તેવી શાળાઓની ઉ.પ.ધો.ની દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો.**

Scanned with CamScanner

વધુમાં આપશ્રીની શાળાના કર્મચારીઓના ઉ.પ.ધો. બાબતે નીચે મુજબની શરતોનું પાલન થતું હોય તેવા જ કર્મચારીઓની દરખાસ્ત કેમ્પમાં રજૂ કરવા માટે જણાવવામાં આવે છે.દ્વિતિય અને તૃતિય ઉચ્ચત્તર પગારધોરણની દરખાસ્ત રજૂ કરવા માટે હવે પછી તારીખ ફાળવવામાં આવે ત્યારે જ રજૂ કરવાની રહેશે . તેમજ વધારાની કોઈપણ દરખાસ્ત કેમ્પમાં સ્વીકારવામાં આવશે નહિ તેની નોંધ લેશો.

શરતો:-

1. તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦23 સુધીમાં પ્રથમ ઉચ્ચત્તર પગારધોરણ મળવાપાત્ર હોય
2. તા.30/0૬/૨૦૨૪ સુધીમાં નિવૃત થતાં હોય અને ૩૧/૦૭/૨૦23 સુધીમા ઉચ્ચત્તર પગારધોરણ(પ્રથમ/ દ્વિતિય/તૃતિય) મળવાપાત્ર હોય.
3. અવસાન પામેલ હોય અને તા.૩૧/૦૭/૨૦23 સુધીમાં ઉચ્ચત્તર પગારધોરણ(પ્રથમ/ દ્વિતિય/તૃતિય) મળવાપાત્ર હોય.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો, સુરત

Scanned with CamScanner

**અગત્યની સુચનાઓ:-**

- જો કોઇ કર્મચારીની દરખાસ્તમાં કોઇ પણ પ્રકારના પ્રમાણપત્રો ખુટતા હોય તો તેવી પુર્તતા તે જ સમયે થઈ શકે તે માટે તમામઆચાર્યશ્રીઓને કેમ્પમાં તેમની શાળાના સિક્કા અને ફોરવર્ડીંગ લેટર લઈને હાજર રહેવા માટે જણાવવામાં આવે છે.
- **કેમ્પ પુરો  થઇ ગયા બાદ કોઇ પણ કર્મચારીની દરખાસ્ત ફાઇલ સ્વીકારવામાં આવશે નહી.** તેમજ અધૂરી વિગત ધરાવતી દરખાસ્ત ફાઇલ સ્વીકારવામાં આવશે નહી .જો કોઇ કર્મચારીની ઉ.પ.ધો.ની દરખાસ્ત કરવાની બાકી રહેશે. તો તે અંગેની જવાબદારી સંપુર્ણપણે લગત શાળાના આચાર્યશ્રીની રહેશે.
- **ઉ.પ.ધો.ની દરખાસ્ત ફાઇલ ૨ સેટમાં ફરજીયાત  નીચે મુજબ તૈયાર કરી લાવવાની રહેશે.**

**(1) પ્રથમ સેટ (પી.વી.યુ ગાંધીનગર)**

- PVU ગાંધીનગરને લખવાનો ફોર્વર્ડીંગ લેટર
- ચેક લિસ્ટ (૨૮ મુદ્દા)
- કચેરી આદેશ
- ગણતરી હુકમ
- પત્રક 3/૪ (૨ નકલમાં)
- બઢતી સમિતીનો ઠરાવ (૪-સભ્યોની સહી સાથે)
- બાંહેધરી અને અનુસુચિ
- વિકલ્પની તારીખે ઉ.પ.ધો મંજૂર કરાવ્યું હોય તો વિકલ્પ ફોર્મ
- CCC અને હિન્દી પરીક્ષા પાસ કર્યા અંગેના પ્રમાણપત્ર
- અસલ સેવાપોથી

**(2) બીજો સેટ (જિ.શિ.અ. ઓફિસ કોપી)**

- નોંધ
- ચેક લિસ્ટ (૨૮ મુદ્દા)
- PVU ગાંધીનગરને લખવાનો ફોરવર્ડીંગ
- કચેરી આદેશ
- ગણતરી હુકમ
- પત્રક 3/૪ (૨ નકલમાં)
- બઢતી સમિતીનો ઠરાવ (૪-સભ્યોની સહી સાથે)
- બાંહેધરી અને અનુસુચિ
- વિકલ્પની તારીખે ઉ.પ.ધો મંજૂર કરાવ્યું હોય તો વિકલ્પ ફોર્મ
- CCC અને હિન્દી પરીક્ષા પાસ કર્યા અંગેના પ્રમાણપત્ર

Scanned with CamScanner